# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે. ડી. વેન્સ સાથે વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગમાં સધાયેલી પ્રગતિની સમીક્ષા કરી.

2) દ્વિપક્ષિય સંબંધોને વધુ સુદ્રઢ બનાવવાના આશય સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી સાઉદી અરેબિયાની બે દિવસની મુલાકાતે જશે.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં 'સેવ અર્થ કોન્ક્લેવ' નું ઉદ્ઘાટન કરશે.

4) 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' પર સંયુક્ત સંસદીય સમિતિની આજે નવી દિલ્હી ખાતે બેઠક યોજાશે.

5) આઇ. પી. એલ. ટી-20 ક્રિકેટ મેચમાં ગુજરાત ટાઇટન્સે કોલકાતા નાઈટ રાઇડર્સને હરાવ્યું.

.........................................................................

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# VANCE - INDIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે. ડી. વેન્સ સાથેની વાતચિત દરમિયાન દ્વિપક્ષી સહયોગના વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિની સમીક્ષા કરી છે. તેમણે બંને દેશો વચ્ચે ઊર્જા, સંરક્ષણ, વ્યૂહાત્મક ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટેના સતત પ્રયાસોની પણ નોંધ લીધી હતી. બંને નેતાઓએ પરસ્પર હિતના વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું.

શ્રી વેન્સની સાથે તેમની પત્ની ઉષા, તેમના બાળકો અને અમેરિકના વરિષ્ઠ સભ્યો પણ હતા. શ્રી મોદીએ મુલાકાતીઓ માટે રાત્રિભોજનનું પણ આયોજન કર્યું હતું. પ્રધાનમંત્રીએ આ વર્ષે ફેબ્રુઆરીમાં વોશિંગ્ટન ડી. સી. ની તેમની મુલાકાત અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની તેમની ફળદાયી ચર્ચાઓને યાદ કરી હતી.

શ્રી મોદીએ ટ્રમ્પને શુભેચ્છાઓ આપીને કહ્યું હતું કે, તેઓ ભારત મુલાકાતની રાહ જોઈ રહ્યા છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ ભારતની ચાર દિવસની મુલાકાતે ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા હતા.

# VANCE JAIPUR

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે. ડી. વેન્સ ગઈકાલે રાત્રે જયપુર પહોંચ્યા છે. ઉપરાષ્ટ્રપતિ વેન્સ ત્રણ દિવસ જયપુરમાં રહેશે. શ્રી વેન્સનો પરિવાર તેમની જયપુર મુલાકાત દરમિયાન તેમની સાથે રહેશે. તેમાં તેમની ભારતીય મૂળની

પત્ની ઉષા વાન્સ અને ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. આ સાથે અમેરિકી વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહેશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

(V/C: JITENDRA DWIVEDI)

# PM - SAUDI VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી મોહમ્મદ બિન સલમાનના આમંત્રણ પર આજથી સાઉદી અરેબિયાની બે દિવસની સત્તાવાર મુલાકાતે જશે.

તેમની સાઉદી અરેબિયાની આ ત્રીજી મુલાકાત છે. આ મુલાકાત ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે ગાઢ થતી વ્યૂહાત્મક ભાગીદારી તથા વેપાર, ઊર્જા, સંરક્ષણ અને લોકો વચ્ચેના સંબંધો પણ મજબૂત થઇ રહ્યાં હોવાનું દર્શાવે છે. પ્રધાનમંત્રીની મુલાકાત એક નિર્ણાયક ક્ષણે આવી છે, જ્યારે સાઉદી અરેબિયા તેના મહત્વાકાંક્ષી વિઝન 2030 એજન્ડાને વેગ આપી રહ્યું છે.

આ એજન્ડા રાજ્યના અર્થતંત્રમાં વિવિધતા લાવવા, તેના નાગરિકોને સશક્ત બનાવવા અને સાઉદી અરેબિયાને નવીનતા, ટકાઉપણું અને સર્વસમાવેશક વિકાસમાં વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કરવા માટે 2016માં શરૂ કરવામાં આવેલ એક વ્યાપક રાષ્ટ્રીય વ્યૂહરચના રજૂ કરે છે.

# AMIT SHAH EARTH CONCLAVE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં એન. એ. એસ. સી. કોમ્પ્લેક્સ ખાતે 'સેવ અર્થ કોન્ક્લેવ' નું ઉદ્ઘાટન કરશે. આ કોન્કલેવ આબોહવા પરિવર્તનને ઘટાડવા અને આર્થિક વિકાસને વેગ આપવા માટે વાંસની ક્ષમતાનું અન્વેષણ કરશે. મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી ટાસ્ક ફોર્સ ફોર એન્વાયર્નમેન્ટ એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટના અધ્યક્ષ પાશા પટેલે જણાવ્યું કે, શ્રી શાહ ફિનિક્સ ફાઉન્ડેશન સંસ્થા, લાતુર અને ઇન્ડિયન ચેમ્બર ઓફ ફૂડ એન્ડ એગ્રિકલ્ચર દ્વારા આયોજિત આ કોન્ક્લેવનું ઉદ્ઘાટન કરશે.

# POPE STATE MORNING

ભારત સરકારે ધર્મગુરૂ પોપ ફ્રાન્સિસના અવસાનને કારણે ત્રણ દિવસના રાજકીય શોકની જાહેરાત કરી છે, પોપ ફ્રાન્સિસનું ગઇકાલે અવસાન થયું હતું. આજે અને આવતીકાલે બે દિવસના રાજકીય શોક પાળવામાં આવશે. અંતિમ સંસ્કારના દિવસે એક દિવસનો રાજકીય શોક મનાવવામાં આવશે. રાજ્ય શોકના સમયગાળા દરમિયાન, જ્યાં નિયમિતપણે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે ત્યાં અડધી કાઠીએ ધ્વજ ફરકાવાશે તેમજ કોઇ મનોરંજક કાર્યક્રમનું પણ આયોજન કરાશે નહીં.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

## EARTH DAY

આજે પૃથ્વી દિવસ છે. પર્યાવરણીય સંરક્ષણને સમર્થન આપવા માટે આ દિવસ વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. 1969માં યુનેસ્કો સમિટમાં આ દિવસ સૂચવવામાં આવ્યા બાદ 1970માં પ્રથમ વિશ્વ પૃથ્વી દિવસ ઉજવાયો હતો. આ વર્ષની વિષય વસ્તુ "આપણી શક્તિ, આપણી પૃથ્વી" છે. આ દિવસનો હેતુ પર્યાવરણીય મુદ્દાઓ વિશે જાગૃતિ લાવવા અને આપણા ગ્રહને સુરક્ષિત રાખવા માટે પ્રેરણાદાયક પગલાં લેવાનો છે.

## ONE NATION ON ELECTION

'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' પર સંયુક્ત સંસદીય સમિતિની આજે બેઠક યોજાશે. આ બેઠકના પ્રથમ સત્રમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ હેમંત ગુપ્તા

સાથે વાતચીત થશે. આ પછી જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ એસ. એન. ઝા સાથે ચર્ચા સત્ર યોજાશે.

આગામી સત્રમાં સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અને ભારતના 21મા કાયદા પંચના અધ્યક્ષ ડૉ. બી. એસ. ચૌહાણ સામેલ થશે. અંતિમ સત્ર રાજ્યસભાના સભ્ય અને વરિષ્ઠ વકીલ ડૉ. અભિષેક મનુ સિંઘવી સાથે હશે.

# TRUMP - US STOCKS

રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્યાજદરમાં ઘટાડો ન કરવા બદલ યુએસ સેન્ટ્રલ બેંકના વડા પર આકરા પ્રહારો કર્યા હતા. એક સોશિયલ મીડિયા સંદેશમાં, ટ્રમ્પે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલને અર્થતંત્રને વેગ આપવા માટે વ્યાજદરમાં ઘટાડો કરવા વિનંતી કરી હતી, અને દાવો કર્યો હતો કે, પોવેલ આર્થિક ફેરફારોને પ્રતિભાવ આપવા માટે ખૂબ ધીમા હતા. એસ એન્ડ પી 500, ડાઉ જોન્સ અને નાસ્ડેકમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

# TRUMP HAVARD

હાર્વર્ડ યુનિવર્સિટીએ પ્રસ્તાવિત ભંડોળમાં અબજો ડોલરના ઘટાડાને રોકવા માટે ટ્રમ્પ વહીવટીતંત્ર સામે કેસ દાખલ કર્યો છે. અગાઉ થયેલા ભંડાળના વિવાદ બાદ ગઈકાલે આ કેસ દાખલ કરાયો હતો. હાવર્ડ યુનિવર્સિટીએ ટ્રમ્પ તંત્ર દ્વારા મોકલવામાં આવેલી યાદીને નકારી કાઢી હતી, જેમાં યહુદી વિરોધી લડત પર અંકુશ અને શાળાઓની અન્ય પહેલો પર નિયંત્રણ કરવાની યાદીમાં જણાવાયું હતું.

# IPL T20 CRICKET

ગઈકાલે રાત્રે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી IPL ટી-20 ક્રિકેટ મેચમાં ગુજરાત ટાઇટન્સે કોલકાતા નાઈટ રાઇડર્સને 39 રનથી હરાવ્યું હતું.

199 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, કોલકાતા નાઈટ રાઇડર્સ 20 ઓવરમાં આઠ વિકેટે માત્ર 159 રન જ બનાવી શકી હતી. સુકાની અજિંક્ય રહાણે કોલકાતા માટે અડધી સદી ફટકારી હતી. પહેલા બેટિંગ કરવા ઉતરેલી ગુજરાતે નિર્ધારિત 20 ઓવરમાં ત્રણ વિકેટે 198 રન બનાવ્યા હતા. સુકાની શુભમન ગિલે 90 રનની શાનદાર ઇનિંગ રમી હતી, જ્યારે સાઈ સુદર્શને 52 રનનું યોગદાન આપ્યું હતું. ગિલને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. આ જીત સાથે ગુજરાત 12 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે, જ્યારે કોલકાતા છ પોઈન્ટ સાથે સાતમા સ્થાને છે.

આજે લખનૌમાં ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં લખનૌ સુપર જાયન્ટ્સ દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થવાની છે. દિલ્હી હાલમાં બીજા સ્થાને છે, જ્યારે લખનૌ પાંચમા સ્થાને છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

આજના અખબારોનાં મુખ્ય સમાચાર

1) સોનાના ભાવે એક લાખ રૂપિયાની સપાટી વટાવી હોવાનાં સમાચારને ફુલછાબ અને ગુજરાત સમાચારે પ્રથમ પાને હેડલાઇન બનાવી છે. દિવ્ય ભાસ્કરની હેડલાઇન છે- દેશમાં સૌથી પહેલા ગુજરાતમાં એક તોલા સોનાનો ભાવ એક લાખ રૂપિયા થયો, તો ફુલછાબનું હેડીંગ છે-સોનામાં ચાંદી ચાંદી, ભાવ એક લાખ.
2) પોપ ફ્રાન્સિસનું નિધન અને અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સની પ્રધાનમંત્રી મોદી સાથેની મંત્રણાનાં સમાચાર તમામ દૈનિકોમાં પ્રથમ પાને તસવીર સાથે પ્રકાશિત કરવામાં આવ્યા છે.
3) દિવ્યભાસ્કર જણાવે છે, સેન્સેક્સ એક મહિનામા ત્રણ ટકા વધ્યો, વિશ્વભરનાં બજારો 10 ટકા તૂટ્યા
4) સ્થાનિક સમાચારોમાં, નવગુજરાત સમયના અહેવાલ પ્રમાણે દિલ્હીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને પ્રધાનમંત્રી મોદી વચ્ચે મુલાકાતથી ગુજરાતમાં રાજકીય ગરમી
5) બીસીસીઆઇ દ્વારા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં સામેલ 34 ક્રિકેટરોની યાદી અંગેનાં સમાચાર તમામ દૈનિકોનાં સ્પોર્ટ્સ પાને જોવા મળે છે. સંદેશ લખે છે- રિષભ પંતને પ્રમોશન, રોહિત-કોહલી અને બુમરાહ ગ્રેડ એ પ્લસમાં યથાવત. શ્રેયસ ઐયરનું પુનરાગમન.